## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૬



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની મળેલી બેઠકમાં મંગળદાસ પટેલની જો. મેનેજીંગ ડીરેક્ટર તરીકે નિમણુંક થઈ છે અને દૂધ સમિતિના ચેરમેન તરીકે રીટાબેન વાઘેલાની વરણી કરવામાં આવી છે.

# ગુજરાતના મુખ્યમંત્રીના વડાપ્રધાનને વેધક સવાલો ?

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન ડાૅ. મનમોહનસિંહના આર્થિક સુધારાઓ વિશેના છેલ્લા ૨૪ કલાકના બદલાતા વિચારો સામે ગંભીર પ્રૅાર્થ ઉઠાવતાં આજે જણાવ્યું હતું કે, એવું કયું કારણ છે કે પૂર્વ વિત્તમંત્રીશ્રીના રાજીનામાથી નાણાં મંત્રાલયનો કાર્યભાર સંભાળી રહેલા પ્રધાન મંત્રીશ્રી હવે દેશમાં આર્થિક સુધારાના વિવિધ પગલાં લેવાની ઉત્સાહવર્ધક જાહેરાતો કરી રહ્યા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એવા વેધક સવાલો ઉઠાવ્યા હતા કે શું પૂર્વ વિત્તમંત્રીશ્રી અને વડાપ્રધાન વચ્ચે દેશની આર્થિક નીતિઓ બાબતમાં તાલમેલ નહોતો? શું વડાપ્રધાનશ્રીની અર્થતંત્ર સુધારાની વાતો તત્કાલિન નાણા મંત્રીશ્રી કાને ધરવા માંગતા જ નહોતા? કે શું તત્કાલિન વિત્તમંત્રીશ્રી (શ્રી પ્રણવ મુખરજી) વડાપ્રધાન સમક્ષ આર્થિક વિકાસના સુધારા અંગે પોતાની નીતિઓનો સ્વીકાર કરાવી શકતા નહોતા?

આખરે એવું કયું રહસ્ય છે કે વિત્તમંત્રીશ્રી (શ્રી પ્રણવ મુખરજી)એ રાજીનામું આપ્યું અને ગણતરીના સમયમાં જ નાણાં મંત્રીનો પણ કાર્યભાર સંભાળી રહેલા પ્રધાનમંત્રીશ્રી હવે બમણા જોમ-જૂસ્સાથી દેશની આર્થિક અવદશા સુધારવાના ઉપાયોની ઘોષણા કરવા તત્પર બન્યા છે? અગાઉના વિત્તમંત્રીશ્રી અને પ્રધાનમંત્રીશ્રી સાથે રહ્યા ત્યારે આઠ-આઠ વર્ષ સુધી કેમ પ્રધાનમંત્રીશ્રી આ બાબતે સક્રિય બન્યા હોવાની પ્રતીતિ કરાવી શકયા નહીં ! દેશની જનતાને આ રહસ્ય જાણવાનો અધિકાર છે, એમ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ માંગણી કરી હતી.

## બોઈલર એન્જિનીયરની પરીક્ષા ઓક્ટો.-૧૨માં યોજાશે

ગાંધીનગર, તા. ૬

બોઈલર પરિચર(એટેન્ડન્ટ) વર્ગ-૧ અને વર્ગ-૨ તથા બોઈલર ઓપરેશન એન્જીનીયરની પરીક્ષા તા. ૧૩-૧૦-૨૦૧૨થી યોજાનાર છે. રાજ્યની તમામ વિભાગીય નાયબ/મદદનીશ નિયામકની કચેરીઓ તથા અમદાવાદ ખાતેની વડી કચેરીએથી નિયત અરજીપત્રકો તારીખ ૧૩-૭-૨૦૧૨ થી તા. ૧૪-૮-૨૦૧૨ સુધી વિનામૂલ્યે મળી શકશે. પરીક્ષા આપવા લાયકાત ધરાવતા ગુજરાત રાજ્યમાં આવેલ સંસ્થાઓમાં નોકરી કરતા ઈચ્છુક વ્યક્તિઓએ તારીખ ૧૪-૮-૨૦૧૨ સુધીમાં કામકાજના દિવસોમાં અમદાવાદ ખાતેની કચેરી, જથો માળ, શ્રમ ભવન, રૂસ્તમ કામા માર્ગ, ગનહાઉસની બાજુમાં ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ને નિયત અરજી મોકલી આપવી.


## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



ગણેશભાઈ પોપટભાઈ પટેલ
(૧૯૫૨) મો. ૯૮૭૯૮૩૦૮૭૮

## શબ્દાવલી - ૪૭૮૦



**આડી ચાવી**

૧. ચલણી નોટો છાપવાનું મશીન (૪)
૩. ઠેસ (૩)
૫. વસ્તુનો સારો કે માઠો પ્રભાવ (૩)
૬. ઉંબર, દહેલીજ (૩)
૭. ચલિત, ચલાયમાન, અસ્થિર (૨)
૯. એક મશહૂર ફિલ્મી અભિનેત્રી ડ્રિમગર્લ (૫)
૧૨. વનમાં એની મેળે લાગેલ આગ (૪)
૧૩. ખેરાત, દક્ષિણા (૨)
૧૪. આનંદ થવો, ... મળવી (૨)
૧૬. સાદાઈ (૨)
૧૮. કેડ, પ્રણાલી (૩)
૨૧. ચીડ, ચટાકો (૨)

**ઊભી ચાવી**

૨. કતારબધ્ધ (૪)
૩. મજબૂત, પોષણયુક્ત (૨)
૪. કરચોલી, સળ (૪)
૫. ધારણા (૪)
૮. 'અનીલ' શબ્દ આડોઅવળો (૩)
૯. શેતાન, રાક્ષસ (૩)
૧૦. રચના, ગોઠવણ (૩)
૧૧. દુ:ખ, શોક (૪)
૧૨. લુખ્ખાગીરી, ગુંડાગીરી (૪)
૧૫. પારધી (૩)
૧૭. પથારી, બેડ (૨)
૧૯. એક પ્રકારનું સુગંધી ઘાસ જેની ચટ્ટાઈ અને શરબત પણ બને (૨)

### શબ્દાવલી ૪૭૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અસરકારક (૬) વાનપ્રસ્થિ (૭) માનતા (૯) નાડ (૧૦) ઈશ્વર (૧૧) ગજુ (૧૩) શર (૧૫) તગડી (૧૬) અવાક્ (૧૭) કરકરા (૧૮) પાબંદી (૨૦) પરાધીન

**ઊભી ચાવી :-** (૧) અજમાઈશ (૨) રફતાર (૩) રવાના (૪) કનડગત (૫) અસ્થિર (૮) નશ્વર (૧૨) જુગલબંધી (૧૪) આવારા (૧૬) અકર્મ (૧૭) કર્ક (૧૮) પારા (૧૯) દીન





મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાલ્મીકિ સમાજના સફાઈ કામદારોને ડાૅ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના અન્વયે ૧૦૨૪ આવાસોનું આજે લોકાર્પણ કરતા આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે, સવાર સાંજ ગુજરાતમાં જૂઠાણા ફેલાવતા તત્ત્વોને ગરીબની કે વિકાસની પડી નથી પરંતુ આ સરકાર રાજ્યના તમામ સફાઈ કામદારોને આવાસ સુવિધા આપશે. આપણાં સંતાનોને ગરીબી વારસામાં નથી આપવી એવો સંકલ્પ કરવા આવાસ-સુવિધા મેળવનારા સફાઈ કામદાર પરિવારોને તેમણે આહ્‌વાન કર્યું હતું. અમદાવાદ મહાનગર સેવા સદન અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના સંયુકત ઉપક્રમે અમદાવાદમાં ૧૯૨૪ આવાસો વાલ્મીકિ સમાજને આપવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પ્રત્યેક આવાસ આધુનિક પાયાની સુવિધા સાથે બે રૂમ રસોડાના એક યુનિટની કિંમત રૂા.૨.૭૦ લાખ થાય છે. જેમાં કિંમતી જમીનની કિંમતનો સમાવેશ નથી પરંતુ પ્રત્યેક સફાઈ કામદાર લાભાર્થીને તો માત્ર રૂા.૩૫૦૦૦ જ ભરવાના આવ્યા છે. બાકીનો તમામ આર્થિક બોજ રાજ્યની સરકારે ઉપાડેલો છે. રાજ્યમાં ૪ લાખ સફાઈ કામદારોને અસ્વસ્થ વ્યવસાયમાં સ્વચ્છતાની સમાજસેવામાં રોકાયેલો હોવા છતાં તેમના પરિવારોની સુખાકારી-સુવિધાની કાળજી રાજ્ય સરકાર લઈ રહી છે.



લાયન્સ કલબ ઑફ ગાંધીનગર દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી વાહનચાલકોને ફૂલ અર્પણ કરીને કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

# ગુરૂપૂર્ણિમા નિમિત્તે સે. ૨ ૩ની સૌરભ સોસાયટી ખાતે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર અને જિલ્લાભરમાં ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ભારે ભક્તિભાવપૂર્વક ઉજવાઈ ગયો. જેમાં શહેરના સેક્ટર-૨ ૩માં આવેલી સૌરભ સોસાયટીના રહીશોએ વૃક્ષારોપણ કરી અનોખી રીતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરી હતી. વનસ્પતિ જીવસૃષ્ટિ દ્વારા માનવ જીંદગીને પૂરા પડાતા લાભોને ધ્યાને રાખી ગુરૂ ચરણોમાં આ કાર્યને રહીશોએ અર્પણ કર્યું હતું.

ગુરૂપૂર્ણિમાના પર્વને શહેરમાં અનેક સ્થળોએ અલગ અલગ રીતે ઉજવવામાં આવ્યું હતું. જેમાં પોતાના ગુરૂજનોને વંદન, શાળા કોલેજમાં શિક્ષણ કાર્યના બદલે ગુરૂવંદના તથા મંદિરોમાં મહાઆરતી અને ભજન કાર્યક્રમો જેવા પ્રસંગો યોજાયા હતા.

જેમાં શહેરની મધ્યે આવેલ સેક્ટર-૨ ૩ની સૌરભ સોસાયટીના રહીશોએ પોતાના ઘરની આગળ બે વૃક્ષો વાવી ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરી હતી. આ વૃક્ષારોપણમાં લીમડો, બોરસલી, વડ, સેવન જેવા વીસ થી વધુ વૃક્ષોનું નવરાત્રી ચોકથી શરૂઆત કરી વૃક્ષારોપણ કરાયું હતું.

સૌરભ સોસાયટીના નટુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, કનુભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, ગણપતસિંહ પરમાર, દિનેશભાઈ પટેલ, કૈવલ ત્રિવેદી, મિસ્ત્રીકાકા વગેરે આ વૃક્ષારોપણમાં હર્ષભેર જોડાઈ ગુરૂપૂર્ણિમાને યાદગાર બનાવી હતી.

આ વૃક્ષોના જતન માટે અશોકભાઈ પટેલ તથા કનુભાઈ પટેલ અને સુરેશભાઈ પટેલ દ્વારા રહીશોને જાળવણી અને પાણી નિયમિત આપવા ખાસ જણાવાયું હતુ. વૃક્ષો દ્વારા માનવ જીંદગીમાં આવતા ફેરફાર તેમજ જીવનમાં તેનું ખુબજ મહત્વ હોવાનું આ પ્રસંગે ઉત્સાહીત રહીશોએ જણાવ્યું હતું.

## ઝાડા ઉલ્ટીના કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝૂંપડપટ્ટીમાં રહેતા આ પરિવારો બગીચાના ખુલ્લા નળ જોડાણમાંથી પાઈપલાઈન દ્વારા પાણી ઉપયોગ માટે લેતા હોવાનું તંત્રની તપાસમાં બહાર આવ્યું છે. જો કે તંત્ર આ બાબતે કોઈ કચાશ રાખવાના મૂડમાં નથી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરના અન્ય સેકટરોમાં આવેલી ઝૂંપડપટ્ટીના રહીશોને પણ સર્વેલન્સ હેઠળ આવરી લેવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર શહેરમાં ઝાડા ઉલ્ટીના કેસો બનવાની આ બીજી ઘટના એક માસમાં નોંધાઈ છે. અગાઉ જીઈબી કોલોની ખાતે ૪૦થી પણ વધુ દર્દીઓ નોંધાયા હતા. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે તેમજ જે કેસો નોંધાયા છે તે પણ સાદા ઝાડાના જ છે. જો કે તંત્રના અધિકારીઓ હજુ પાણીની ગુણવત્તા અંગેના ચકાસણી અહેવાલની રાહ જોઈ રહ્યા છે.

સે-૬ની ઝૂંપડપટ્ટી છેલ્લા ઘણા સમયથી વિવાદમાં છે આજે બનેલી આ ઘટના પછી તંત્ર પણ હાલ તો વધુ કંઈ કહેવાના મૂડમાં નથી.

## કાર ભડકે બળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાયર ઓફિસર મહેશ મોડ સહિતની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. આગમાં લપેટાયેલી કારની આગળ એન્જીનનો ભાગ બળીને રાખ થઈ ગયો હતો. જો કે આગ લાગવાનુ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. પરંતુ વાયરીંગમાં શોર્ટ-સર્કીટ થતા આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી કારના વાયરીંગમાં શોર્ટસર્કીટના લીધે કારમાં આગ લાગવાના કિસ્સાઓ આશ્ચર્ય રીતે વધી રહ્યા છે.

## પાક પેટર્નમાં ફેરફારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં આ પાકનું વાવેતર થઈ ચુક્યુ હોવાથી કદાચ કપાસનું વાવેતર આ વખતે નવો વિક્રમ બનાવશે તેમ ખેતીક્ષેત્રના સૂત્રોમાં ચર્ચાઈ રહ્યું છે.

ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ખેડૂતો રોકડિયા પાક તરફ વધુ ઝુકયા છે. આ ઉપરાંત જુવાર-મકાઈના ઘાસચારાનું વાવેતર પણ સારૂ એવુ કરી રહ્યા છે.

એક અંદાજ પ્રમાણે જિલ્લામાં ૮૦૦ હેક્ટર વિસ્તારમાં ડાંગરના ધરૂનું વાવેતર કરવામાં આવ્યું છે પરંતુ વરસાદ ખેંચાતા અને જે વિલંબ થઈ રહ્યો છે તેથી ખેડૂતો તેની વાવણી માટે હજુ દ્વિધાભરી સ્થિતિમાં છે.

ખેડૂતો દ્વારા આ વખતે શાકભાજીના પાકોનું વાવેતર પણ ઠીક ઠીક પ્રમાણમાં કરી રહ્યા છે. મળેલા અંદાજો પ્રમાણે ૩ હજાર હેક્ટરમાં શાકભાજીના પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. જિલ્લામાં ખેડૂતો પશુપાલનની પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલા હોવાથી પશુધન માટે ઘાસચારો ઉપલબ્ધ બની રહે તે માટે જુવાર-મકાઈના ઘાસચારાનું વાવેતર પણ વધુ કરી રહ્યા છે. હાલ આ ઘાસચારાના ભાવ પણ વધુ જોવા મળી રહ્યા છે.

જિલ્લાની પરંપરાગત ખેતી પાક ગણાતા બાજરી તેમજ કઠોળ, તેલિબિયાના પાકો, ખાસ કરીને દિવેલાનું વાવેતર પણ આ વખતે હજુ બહુ નોંધાયું નથી.

જિલ્લામાં વાવેતર પેટર્નમાં આવી રહેલા બદલાવ અંગેનો આડકતરો એકરાર કરતાં તંત્રના અધિકારીઓ એવી દલીલ કરી રહ્યા છે કે જે વાવેતર થયું છે તે પિયત વિસ્તારમાં વધુ થયું છે. અન્ય પાકોનું વાવેતર પણ પાક-આયોજન પ્રમાણે થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં અધિકારીઓ કહે છે કે જિલ્લામાં પિયતની સુવિધા માટે ખેડૂતોને ૫૦૦ જેટલા પંપો સહાયકી યોજના અંતર્ગત આપવામાં આવ્યા છે. અને ખેડૂતોને વધુ વાવણી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

આ અધિકારીઓનું માનવું છે કે જિલ્લામાં કપાસ એ પણ મુખ્ય પાક તરીકેનું સ્થાન ધરાવે જ છે અને તેનુ વાવેતર વધુ થશે તેવો અંદાજ પાક-આયોજન દરમ્યાન રાખવામાં આવ્યો હતો.

વરસાદ ખેંચાયા પછી પણ જિલ્લામાં હાલ જે રીતે વાવેતરની કામગીરી આગળ વધી રહી છે તે જોતાં એવુ માનવામાં આવી રહ્યુ છે કે આ વખતે વાવણી વિસ્તાર અને વાવેતરમાં નવી સિદ્ધિઓ મળશે.

જિલ્લામાં બાગાયત પાકોના વાવેતરમાં પણ અત્યાર સુધીમાં સારો એવો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જો કે પાક-પેટર્નમાં આ બદલાવ વાવણીની કામગીરી સંપન્ન થયા બાદ જ સ્પષ્ટ થશે. આ વર્ષે ચોમાસુ વિલંબથી જરૂર છે પણ સારો વરસાદ થશે તેવુ સૌ માની રહ્યા છે. જિલ્લામાં એકાદ સપ્તાહમાં વાવણીલાયક વરસાદ થઈ જશે તેવુ ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાતોનું માનવું છે.

## સમાચાર ઝલક

- રાજકોટ-મુંબઇની ફલાઇટ ઉપર વીજળી પડી, ૯૯ મુસાફરોનો ચમત્કારિક બચાવ.
- ઉત્તરાખંડ - ભેખડો ધસી પડતાં ચારધામ યાત્રા મુશ્કેલીમાં.
- આઇ.ટી. અને ટેકનોલોજીની કંપનીઓમાં સંકટનાં વાદળ.
- જંતર-મંતર નહી તો જેલમાં પણ ઉપવાસ તો કરીશું જ : ટીમ અણ્ણા.
- ધાનેરા કોલેરા વિસ્તાર જાહેર કરાયો.
- લંડન ઓલિમ્પિક પૂર્વે અભૂતપૂર્વ તપાસ ઓપરેશન ગોઠવેલ છે.
- હિગ્ઝ બોસોનને જાણવા રૂા. ૫૦,૦૦૦/- કરોડ ખર્ચાયા, જે શોધ થઇ તેને ન્યુટનના ગુરૂત્વાકર્ષણની શોધ બરાબર ગણી શકાય તેવી ઐતિહાસિક છે.
- થાઇલેન્ડમાં ગંભીર બસ અકસ્માત : ૩ ભારતીયોનાં મોત.
- 'ચિકની ચમેલી' કેટરિના કૈફના શિરે વિશ્વની સૌથી સેકસી સ્ત્રીનો ખિતાબ.
- એન.એસ.યુ.આઇ.ના કાર્યકરો રૂપિયા ૫ લાખ માંગી બ્લેક મેઇલ કરતાં હતા તેઓ કલાસીસ સંચાલકોનો આક્ષેપ.
- વરસાદને ચોમાસાના આગમનની આગાહીઓ કેમ ખોટી પડી? હવામાન ખાતાથી સરકાર નારાજ.
- ૧૮ વર્ષ અગાઉ મૃત્યુ પામેલા ૪ વિદેશી ટુરીસ્ટોનો કેસ રી-ઓપન થશે.
- ૨૦૧૨-૧૩ નાં વર્ષમાં આયકર વિભાગનાં મેગા સર્ચ ઓપરેશનમાં ૧૧૧ કરોડનો ચાંદલો.
- રાષ્ટ્રપતિ ચૂંટણી - એક જટીલ લાંબી પ્રક્રિયા.
- એસ.ટી.માં ૨૭૫ મહિલા બનશે કંડકટર.
- સરકારી બેંકોને લાખો સભાસદોની માહિતી માંગતી રાજ્ય સરકાર, અટકળોનો દોર શરૂ.
- હૃદયરોગના હુમલા સમયે દર્દીને સુરક્ષા - નવજીવન આપતું કુલીંગ પેડ તૈયાર.
- રાજ્યભરમાં તા. ૧૧-૧૨મી એ વકીલોની હડતાળ પાડશે.
- રાજકોટમાં બિલ્ડરે પત્નીના પ્રેમીની હત્યા કરાવ્યાનો ધડાકો.
- વિખ્યાત મંદિરોમાં સોનાના ચઢાવા ઘટ્યા, ભાવવધારાની ભગવાનને અસર.
- રાષ્ટ્રપતિની ચૂંટણી અંગે દેશમાં ભારે ધમધમાટ.
- શ્રધ્ધાળુઓ હવે બીજીવાર કૈલાસ માનસરોવર યાત્રા કરી શકશે.

## જીજીએમએ નેશનલ ગારમેન્ટ ફેરનો પ્રારંભ

૨૦ મા ગુજરાત મેન્યુફેકચર્સ એસોસિયેશન (જીજીએમએ) ના નેશનલ ગારમેન્ટ ફેરનું માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્યોગ, નાણાં, ઉર્જા, પેટ્રો કેમિકલ્સ રાજય પ્રધાન શ્રી સૌરભ પટેલ, કાયદા અને સંસદીય બાબતોના પ્રધાન શ્રી પ્રદીપસિંહ જાડેજા ૨૦ મુદ્દાના કાર્યક્રમ અમલીકરણ સમિતિના ચેરમેન શ્રી કૌશિક પટેલ, અમદાવાદ શહેરના મેયર શ્રી અસીત વોરા પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

ગુજરાત મેન્યુફેકચર્સ એસોસિયેશન એ ગારમેન્ટ ઉત્પાદકોનું એક સંગઠન છે જે દેશમાં ગારમેન્ટ ક્ષેત્રે ગુજરાતને ટોચ પર મૂકવા પ્રયત્નશીલ છે. એસોસિયેશન ગુજરાતનાં ગારમેન્ટ ઉદ્યોગ ક્ષેત્રે રહેલી વ્યાપાર તકોને દર્શાવે છે. ઉત્પાદકો માટે તે માટે તે નફાકારક હોય તેવું સાબિત કરે છે એટલું જ નહીં દેશભરમાં ખરીદાર અને હૉલસેલ વેપારીઓ તથા અન્ય દેશોનાં વેપારીઓ પણ ગુજરાતમાં ગારમેન્ટ વ્યાપાર ક્ષેત્રે રહેલી તકને ધ્યાનમાં રાખીને અહીં તેમનો વેપાર સ્થાપવાનું વિચારી રહ્યા છે.

૨૦માં જીજીએમએ નેશનલ ગારમેન્ટ ફેરનો છઠ્ઠીથી પ્રારંભ થયો છે જે આગામી ૮ તારીખ સુધી ચાલશે. ઉત્પાદકો તેમની કામગીરી એક વિશાળ જનસમૂહ સમક્ષ મૂકવાની તક આ ફેર પુરી પાડે છે. અહીં ઉદ્યોગના લોક વિચાર, આઈડીયા, વ્યાપારી તકોની આપ-લે કરે છે.

## એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટમાં સોમવારે હિગ્ધ બોઝોન વિશે રસપ્રદ વ્યાખ્યાન

વલ્લભ વિદ્યાનગર, તા. ૬

ચારુતર સંચાલિત એચ.એમ. પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચના ઉપક્રમે સોમવાર, ૯ જુલાઈના રોજ સાંજે ૪ : ૩૦ વાગે 'દ્રવ્યની સંરચના અને હિગ્ઝ બોઝોન' વિષય પર ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી અને ભૌતિકશાસ્ત્રના નિષ્ણાંત પ્રિ. આર. પી. પટેલનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે.

તાજેતરમાં જ સર્ન (સ્વિટ્ઝર્લેન્ડ) ખાતે બ્રહ્માંડનું રહસ્ય ખોલતાં ગૉડ પાર્ટિકલના પ્રયોગો થયા અને તેની સમગ્ર વિશ્વમાં આજકાલ ચર્ચા છે. ૧૧૩ દેશોનાં ૧૦,૦૦૦ થી વધુ વૈજ્ઞાનિકો જે સંશોધનમાં જોડાયા છે. તે વિશે વી.પી. સાયન્સ કૉલેજના પૂર્વ આચાર્ય પ્રિ. આર. પી. પટેલ આ પ્રસંગે રસપ્રદ રજૂઆત કરશે, એવું એચ.એમ. પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચના નિયામક ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

એચ.એમ.પટેલ. ઈન્સ્ટિટયૂટના સભાગૃહમાં આયોજિત આ વ્યાખ્યાનનો લાભ લેવા માટે સીવીએમ સંચાલિત કૉલેજો તથા સરદાર પટેલ યુનિવર્સિટીના વિભાગો અને સંલગ્ન કૉલેજોના અધ્યાપકો, શોધાર્થીઓ તેમજ જાહેર જનતાને આમંત્રણ છે.